॥ શ્રી મહાવીરાય નમઃ ॥

# જૈન કલ્ચરલ ગ્રુપ - અમદાવાદ

વહીવટી ઓફિસ : ઉદ્યોગ ભવન, પહેલા માળે, નટરાજ સિનેમા પાછળ, આશ્રમરોડ, અમદાવાદ • ફોન : ૨૬૫૮૫૭૫૭
Website : www.jcgamd.com

તારીખ : ૨૩-૦૮-૨૦૨૧

વર્ષ - ૨૦૨૧-૨૨

## કાર્યક્રમ નં. 3

આદરણીય સભ્યશ્રી
જય જીનેન્દ્ર,
સહુ કુશળ હશો.

ખૂબ જ સાવચેતી અને અનુશાસન ના પ્રભાવે સહુ કોરોનાની નવી લહેરથી સુરક્ષિત છીએ. કોરોનાના ઘટતા પ્રભાવના પગલે સરકારશ્રી દ્વારા અપાયેલ છુટછાટને અનુલક્ષીને આપણે નવા કાર્યક્રમોનું આયોજન કરેલ છે.

વર્ષ ૨૦૨૧-૨૨ના કાર્યક્રમ સ્વરૂપે તા. ૩૧-૦૭-૨૦૨૧ થી ૨૮-૦૮-૨૦૨૧ દરમ્યાન અલગ અલગર ગ્રુપ વાઈઝ ડિનર વિથ મ્યુઝીકનો કાર્યક્રમ સહુએ  માણ્યો. પ્રસંગ અનુરૂપ ઉત્તમ ભોજન સાથે કર્ણપ્રિય સંગીત-ડાન્સ-ગરબા સાથે સહુએ પોતપોતાના ગ્રુપ મુજબ સાથે બેસીને આનંદ માણ્યો. ઘણા સમય બાદ બેહદ સુંદર વાતાવરણમાં મન ગમતા મિત્રો સાથે બેસવાનો આનંદ અનેરો જ છે તો વડીલ સભ્યોને ઘણાં સમયે સુંદર અને સ્વચ્છ વાતાવરણમાં મહાલવાનો અવસર મળ્યો. સહુએ પ્રોગ્રામના ખૂબ વખાણ કર્યા. આપ સહુનો ખૂબ ખૂબ આભાર.

જીવનમાં આનંદ ઉજવણીનું જેટલું મહત્વ છે તેટલું જ આરાધનાનું મહત્વ અને અનેરૂ સ્થાન છે. અને તે માટે શાસ્ત્રકાર ભગવંતો એ ચાતુર્માસ ને તે દરમ્યાન કરવાની આરાધનાનું આપણને જ્ઞાન આપ્યું તેજ પરંપરામાં આવે છે પર્વાધિરાજ પર્યુષણ પર્વ. અને આ પર્વ દરમ્યાન એક શુભભાવના રૂપે આવતી પરંપરા એટલે શ્રી સંઘ શેષ-શ્રી પર્યુષણ શેષ. ગત વર્ષની માફક આ વર્ષે પણ આપ સહુ સભ્યમિત્રોને શ્રી સંઘશેષ તરીકે આપણા કેટરર્સ રિધમ કેટરર્સ દ્વારા ખાસ સંભાળ-સલામતી અને સ્વચ્છતાના ધ્યાન સાથે તૈયાર કરાવેલ ચુરમા લાડુ + મગસ લાડુ + ફૂલવડી + કેળા વેફર + સીંગ દાળિયાની ચટણી એક આકર્ષક કન્ટેનરમાં આપવામાં આવશે. આ શેષ મેળવવાની વિગત નીચે મુજબ છે.







૧. આ પરિપત્ર સાથે આપેલ કુપનમાં વિગત ભરી નીચે દર્શાવેલ સમય અને સ્થળેથી આપે પર્યુષણ/સંઘ શેષ મેળવી લેવાની રહેશે. આ કુપન વગર શેષ મળશે નહીં જેનું ખાસ ધ્યાન રાખવું.
૨. શેષ લઈ જવા માટે થેલી/થેલો અવશ્ય લઈ જવો.

| :: શેષ મેળવવાનું સ્થળ :: | :: તારીખ અને સમય :: |
|---|---|
| રીધમ કેટરર્સ<br>૪-બી, રાજનગર સોસાયટી, આનંદ આશ્રમની બાજુમાં,<br>NID પાછળ, પાલડી, અમદાવાદ | ૦૧-૦૯-૨૦૨૧ અને ૦૨-૦૯-૨૦૨૧<br>બુધવાર અને ગુરૂવાર<br>સવારે ૧૦.૦૦ થી સાંજે ૬.૦૦ કલાક સુધીજ |

### :: આગામી સંભવિત કાર્યક્રમો ::

૧. વાર્ષિક સામાન્ય સભા સપ્ટેમ્બર, ૨૦૨૧
૨. દિવાળી સ્નેહમિલન - નવેમ્બર ૨૦૨૧
૩. પીકનીક - ડિસેમ્બર ૨૦૨૧
૪. ધાર્મિક યાત્રા પ્રવાસ - જાન્યુઆરી ૨૦૨૨
૫. સમૂહ લગ્ન - ફેબ્રુઆરી ૨૦૨૨
૬. ધુળેટી - માર્ચ ૨૦૨૨

**સહુને આરાધના ના પર્વ પર્યુષણની શુભકામના અને ત્રિવિધે મિચ્છામિ દુક્કડમ**

આભાર
**જૈન કલ્ચરલ ગ્રુપ-અમદાવાદ પરિવાર વતી**
**રાકેશભાઈ આર. શાહ**
**પ્રમુખશ્રી**

---

**શ્રી સંઘ શેષ**

જૈન કલ્ચરલ ગ્રુપ-અમદાવાદ

કુપન નં. :

સભ્યશ્રીનું નામ : ____________________

મો. નં. : ____________ લઈ જનારની સહી ____________ સભ્યશ્રીની સહી ____________